# ગાંધીનગરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે કોલ્ડવેવ

**લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત છતા વાદળિયા વાતાવરણ સાથે ઠંડા પવન ફુંકાતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા : જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરને છેલ્લા બે દિવસથી આકરી ઠંડીએ બાનમાં લીધુ છે. અગાઉ પણ સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ હતુ. જયારે છેલ્લા બે દિવસથી વાતવરણ પલ્ટાની અસર વચ્ચે નગરમાં કોલ્ડવેવનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડીનુ જોર રહયુ હતુ. આખો દિવસ ઠંડા પવનના લીધે નગરજનોએ અસહ્ય ઠંડીનો અનુભવ કર્યો હતો. લઘુત્તમ તાપમાન ૧૩ ડી ગ્રી રહયુ હતુ. લઘુત્તમ તાપમાન એક ડી ગ્રી ગગડયુ હતુ. લઘુત્તામ અને મહત્તામ તાપમાનમાં બેવડો તફાવત જોવા મળ્યો હતો. દિવસના વાદળિયા વાતાવરણના લીધે નગરજનોએ

● અનુસંધાન પાન-૭ પર



સોનેરી પ્રભાત - શિયાળાની પ્રભાતે આકાશમાં સર્જાયું સોનેરી દ્રશ્ય... વહેલી પરોઢે આકાશ દર્શનનો લ્હાવો અનેરો હોય છે... શિયાળાની સવારે પ્રકૃતિની નિશ્રામાં મોર્નિંગ વૉકના મહત્વની સાથે સાથે આકાશી નજારો જોવો એક પણ બોનસ નિવડે છે... સોનેરી પ્રભાતનો નજારો માણવાનો લ્હાવો ગાંધીનગર વાસીઓને વારંવાર પ્રાપ્ત થાય છે... એ સુખદ અને સદ્દભાગ્યની નિશાની છે...

# ગાંધીનગર ઉત્તરમાં ક્યાંથી કોને કેટલા મત

| ગામનું નામ | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| ઉનાવા | ૨૦૨૨ | ૧૭૯૨ |
| પીંડારડા | ૩૫૦ | ૬૨૫ |
| પીપલજ | ૪૧૬ | ૧૧૦૫ |
| વાસણ | ૩૭૮ | ૧૩૬૧ |
| રૂપાલ | ૧૭૧૬ | ૨૩૬૬ |
| રાંધેજા | ૩૫૭૫ | ૩૧૬૨ |
| સરઢવ | ૨૨૬૮ | ૨૧૪૧ |
| સોનીપુર | ૪૪૪ | ૮૧૪ |
| પેથાપુર | ૫૦૪૭ | ૬૬૯૪ |
| કોલવડા | ૨૭૭૦ | ૪૦૫૫ |
| જલુંદ | ૪૯૭ | ૭૫૪ |
| આદરજમોટી | ૨૦૫૨ | ૩૦૭૬ |
| વાવોલ | ૩૬૬૬ | ૩૫૫૩ |
| સેક્ટર-૧ | ૬૩૨ | ૩૨૪ |
| સેક્ટર-૨ | ૩૫૬૮ | ૨૯૪૭ |
| સેક્ટર-૩ | ૨૯૭૦ | ૨૯૯૫ |
| સેક્ટર-૩-એ-ન્યુ | ૫૪૬ | ૮૫૦ |
| સેક્ટર-૪ | ૨૪૯૪ | ૨૫૨૧ |
| સેક્ટર-૫ | ૨૩૪૨ | ૨૩૩૬ |
| સેક્ટર-૬ | ૧૬૭૮ | ૧૪૫૫ |
| સેક્ટર-૭ | ૨૨૧૯ | ૨૧૫૭ |
| સેક્ટર-૮ | ૧૧૦૪ | ૮૯૩ |
| સેક્ટર-૯ | ૪૩ | ૭૯ |
| સેક્ટર-૧૨ | ૬૭૦ | ૭૩૩ |
| સેક્ટર-૧૩ | ૧૯૮૪ | ૨૮૦૬ |
| સેક્ટર-૧૪ | ૧૫૨૩ | ૨૧૨૮ |
| સેક્ટર-૧૫ | ૩૯૮ | ૭૧૭ |
| સેક્ટર-૧૬ | ૪૦૬ | ૭૮૬ |
| સેક્ટર-૧૭ | ૩૭૮ | ૭૩૪ |
| સેક્ટર-૧૯ | ૪૧૧ | ૩૫૬ |
| સેક્ટર-૨૦ | ૭૭૫ | ૧૧૨૮ |
| સેક્ટર-૨૧ | ૧૧૭૮ | ૯૧૨ |
| સેક્ટર-૨૨ | ૨૨૬૦ | ૧૨૮૯ |
| સેક્ટર-૨૩ | ૧૩૬૦ | ૯૪૦ |
| સેક્ટર-૨૪ | ૩૩૬૭ | ૨૯૨૫ |
| સેક્ટર-૨૫ | ૮૮૫ | ૬૬૪ |
| સેક્ટર-૨૬ | ૨૬૭૧ | ૧૧૮૬ |
| સેક્ટર-૨૭ | ૨૧૩૯ | ૧૩૨૫ |
| સેક્ટર-૨૮ | ૨૧૮૧ | ૧૩૪૧ |
| સેક્ટર-૨૯ | ૧૦૧૫ | ૧૭૩૮ |
| સેક્ટર-૩૦ | ૧૩૭૭ | ૯૫૯ |
| જીઈબી | ૧૧૫૧ | ૧૨૫૮ |
| આદિવાડા | ૬૬૨ | ૫૦૭ |
| બોરીઝ | ૯૩૧ | ૧૦૪૧ |
| ઈન્દ્રોડા | ૫૮૬ | ૧૩૮૨ |
| દોળાકુવા | ૧૦૫૩ | ૧૩૧૦ |
| પોસ્ટલ બેલેટ | ૯૭૪ | ૧૯૩૬ |

# ગાંધીનગર ઉત્તરની બેઠક ભાજપમાં ઘર ફુટે ઘર જાય તેવી સ્થિત સર્જાઈ

ગાંધીનગર તા ૧૯

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં પ્રજાએ શાણપણભર્યો જનાદેશ આપ્યો હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પૈકી માત્ર ૨ જ બેઠકો જ ભાજપના પોકેટમાં ગઈ છે. રસાકસીભરી ઉતારવામાં આવ્યા હતા. રાજનાથસિંહ, સ્મૃતિ ઈરાની અને યોગી આદિત્યનાથ જેવા ફાયરબ્રાન્ડ નેતાઓ પણ શહેર અને ગામડાઓમાં સભાઓ ગજવી હતી. જયારે કલોલમાં પણ પાંચેય બેઠકોને અનુલક્ષી પ્રધાનમંત્રીની સભા યોજાઈ હતી. આમછતા ગાંધીનગર જિલ્લાની પાંચ પૈકી માત્ર બે જ બેઠકો પર ભાજપ જીત હાંસલ કરી શકયુ છે. ત્યારે ભાજપના આંતરિક સંગઠન સામે પણ સવાલો મંડરાયા છે. ગામડાઓમાં પ્રથમ રાઉન્ડની ગણતરીથી જ કોંગ્રેસના ઉમેદવાર

**પક્ષના સંગઠનમાં આંતરિક વિરોધ , નિરસતા અને નિષ્ક્રીયતાએ ભાજપને બેઠક ખોવાનો વારો આવ્યો : ગત ચુંટણીમાં જેટલી લીડ સાથે જીત મેળવી હતી તેથી વિશેષ મતો કોંગ્રેસના પોકેટમાં ગયા**

મતગણતરીના અંતે ચુંટણી પરિણામો સ્પષ્ટ થયા બાદ જીતની આશ ઠગારી નિવડતા કયાં કાચુ કપાયુ અને કેમ પનો ટુંકો પડયો તે અંગે અનેક તર્ક વિતર્કો પણ રાજકીય પક્ષોમાં થતા હોય છે. ગાંધીનગર ઉત્તરની બેઠક પર આવી જ સ્થિતિ જોવા મળી હતી. ભાજપના સિટીંગ એમ એલ એ અશોક પટેલ ચુંટણી હારી જતા મહાનગર ભાજપના સંગઠન સામે પણ સવાલો મંડરાયા છે. અશોક પટેલને પક્ષે ટીકીટ ફાળવી ત્યારથી જ પક્ષના સંગઠનમાં આંતરિક વિરોધ પ્રબળ બન્યો હતો પરંતુ છાનાખુણે થતા વિરોધને ખાળવાના પ્રયાસોના અંતે સઉ સારા વાના થશે તેવી આશ સાથે હાથ ધરાયેલી પ્રચાર ઝુંબેશને વેગ આપવામાં પક્ષને વફાદાર કાર્યકરો કામે લાગી ગયા હતા. ઉત્તરની બેઠકને અનુલક્ષી ભાજપના કદાવર નેતાઓને પ્રચારમાં ડો સી જે ચાવડા આગળ રહયા હતા. જયારે છેલ્લે સુધી તેમણે લીડ જાળવી રાખી હતી.તેમણે ૪૫૦૦ મતોની સરસાઈથી ઉત્તરની બેઠક કબજે કરી છે. જયારે ગત ચુંટણીમાં ભાજપના હાલના ઉમેદવાર અશોક પટેલે આટલી જ લીડ થી આ બેઠક પર વિજય હાંસલ કર્યો હતો. પરંતુ પક્ષમાં આંતરિક ધોરણે સાથી.. હાથ.. બઢાના..નો અભિગમ મજબુત ન બનતા પરિણામ પણ બદલાઈ ગયુ હોવાનુ ચર્ચા સ્થાને છે. શહેરી વિસ્તારમાં પણ વોર્ડનં -૧ સિવાય ભાજપના અશોક પટેલને વધુ મતોની સરસાઈ મળી નથી. જયારે કર્મચારીઓની નગરીમાં કર્મચારીઓના મત પણ ભાજપને મળ્યા ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે બેલેટના મતો પણ ભાજપ પાછળ રહયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારમાં ભાજપ કોંગ્રેસ પર ધારી સરસાઈ મેળવવામાં નિષ્ફળ

**ભાજપના ઉમેદવારને ૧૧ બુથમાં ૧૦૦થી ઓછા મત : કોંગ્રેસના ઉમેદવારને છ બુથમાં ૧૦૦થી ઓછા મત : કોલવડામાં ભાજપને બે બુથમાં તો કોંગ્રેસને એક બુથમાં ૧૦૦થી ઓછા મત**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર (ઉ) બેઠકમાં ગ્રામીણ વિસ્તારમાં ભાજપ પર કોંગ્રેસે મેળવેલી સરસાઈને નાથવામાં ભાજપનો વ્યુહ શહેરમાં સફળ થયો નથી. ભાજપ શહેરી વિસ્તારમાં માંડ ૨૨૫૧ મતની સરસાઈ જ કોંગ્રેસ પર મેળવવામાં સફળ રહી છે.

ગાંધીનગર(ઉ)માં ૨૦૧૨ની ચૂંટણીમાં થયેલ મતદાન પેટર્ન ૨૦૧૭માં પણ જોવા મળી હતી પરંતુ શહેરી વિસ્તારમાં મતદારોને બહાર લઈ આવવાની બાબતમાં સફળ થઈ શક્યો નથી. જો કે કોંગ્રેસમાં પણ આવી સ્થિતિ જ જોવા મળી હતી. મનપાની ચૂંટણીમાં ભાજપ કરતાં વધુ મત મેળવનાર કોંગ્રેસને શહેરમાં ધારી સફળતા મળી શકી નથી.

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ આજથી અંક વિશ્લેષકો દ્વારા પરિણામોનું પોસ્ટમોર્ટમ શરૂ થયું છે.

પોષ્ટલ બેલેટમાં પણ ભાજપને ૯૭૬ જેટલા મતો કોંગ્રેસ કરતાં ઓછા મળ્યા હતા. શહેરી વિસ્તાર જે ભાજપનો ગઢ ગણાય પણ ભાજપે અહિ સારૂ ધ્યાન કેન્દ્રીત કર્યુ હોવા છતાં સારૂ પરિણામ મેળવવામાં નિષ્ફળ રહ્યો છે. જો કે ઠીકરૂ અસંતુષ્ટોના માથે ફોડવાની વાત ભાજપ માટે યોગ્ય નથી પરંતુ ઉમેદવારોના પ્રયાસો ઓછા સફળ થયા તે વધુ જવાબદાર લેખાય છે.

૨૦૧૨ની તુલનામાં ગાંધીનગર(ઉ) બેઠક પર ૩ ટકાથી પણ ઓછુ મતદાન થયુ છે એટલે અસંતુષ્ટો જવાબદાર છે તે વાત સ્વીકારવાનો ભાજપના આગેવાનો જ ઈન્કાર કરી રહ્યા છે પણ ચૂંટણી માટેનું તંત્ર ગોઠવવામાં ઉમેદવાર ઉણા ઉતર્યા એ વધુ જવાબદાર છે.

ગાંધીનગર(ઉ) બેઠકમાં ભાજપના ઉમેદવારને ૧૧ બુથમાં ૧૦૦થી ઓછા મત મળ્યા છે. જેમાં તેમના વતન કોલવડામાં જ બે બુથમાં ૧૦૦થી ઓછા મત મળ્યા છે. ભાજપના ઉમેદવારને સૌથી ઓછા ૪૩ મત મળ્યા છે જે સે. ૯ના બુથમાં મળ્યા છે.

કોંગ્રેસના ઉમેદવારને ૬ બુથમાં ૧૦૦થી ઓછા મત મળ્યા છે. જેમાં કોલવડાના એક બુથનો સમાવેશ થાય છે. કોલવડા એક માત્ર એવુ ગામ છે જ્યાં બન્ને મુખ્ય સ્પર્ધકોને ૧૦૦થી ઓછા મત મળ્યાનું જણાયું છે. કોંગ્રેસના ઉમેદવારને સૌથી ઓછા મત ૭૭ મત મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવી સરકારની શપથવિધિની તડામાર તૈયારીઓ

**સરદાર પટેલ સ્ટેડિયમ, સાબરમતી રિવરફ્રન્ટ અને ગાંધીનગરના મહાત્મા મંદિર સહિતના ત્રણ સ્થળમાંથી કોઇ એક પર શપથવિધિ સમારોહ યોજાશે**

અમદાવાદ, તા.૧૯

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭માં ફરી એકવાર સત્તા જાળવી રાખવામાં સફળ થયેલી ભાજપ દ્વારા હવે પરિણામો બાદ નવી સરકારની રચના અને શપથવિધિ સમારોહની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ વખતની ચૂંટણીમાં સાત સીટીંગ પ્રધાનો હાર્યા હોઈ પ્રધાનમંડળમાં નવા ચહેરાઓને તક મળે તેવી પૂરી શકયતા છે. તો બીજીબાજુ, ભાજપ સરકારમાં આ વખતે મુખ્યમંત્રીનો ચહેરો વિજયભાઈ રૂપાણીના નામ સાથે રિપીટ કરાય છે કે, નવા કોઈ ચહેરા પર પસંદગી ઉતારાય છે તે મુદ્દો પણ અત્યારે સૌથી મોટી ચર્ચામાં છે. આ વખતે ભાજપનો શપથવિધિ સમારોહ સરદાર પટેલ સ્ટેડિયમ, સાબરમતી રિવરફ્રન્ટ અને ગાંધીનગર મહાત્મા મંદિર સહિતના ત્રણ સ્થળમાંથી કોઈ એક પર યોજાય તેવી શકયતા છે. શપથવિધિ સમારોહ ત્રણ સ્થળોમાંથી કયાં યોજી શકાય તેમ છે અને તેના અનુસંધાનમાં ટ્રાફિક, વીવીઆઈપી મહાનુભાવોની આવનજાવનની સરળતા, પાર્કિંગ, સુરક્ષા સહિતના ફેકટરને ધ્યાનમાં રાખી રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંઘે આજે અમદાવાદ જિલ્લા કલેકટર અવન્તિકાસિંઘ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓના કાફલા સાથે સરદાર પટેલ સ્ટેડિયમ, સાબરમતી રિવરફ્રન્ટ અને ગાંધીનગર મહાત્મા મંદિરની મુલાકાત લઈ તમામ શકયતાઓ ચકાસી હતી અને શપથવિધિ સમારોહ યોજવા સંબંધી તમામ પાસા ધ્યાનમાં લીધા હતા.

# ગુજરાતમાં કોંગ્રેસને હવે એપ્રિલમાં રાજ્યસભાની બે બેઠકો મળશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં ભાજપે વિજય તો મેળવ્યો છે પરંતુ નરેન્દ્ર મોદીને જે જોઈએ છે ભાજપના પ્રદેશ નેતાઓએ આપ્યું નથી. મોદી ૧૫૦ બેઠકોના આગ્રહી હતા કેમ કે ભાજપ રાજ્યસભામાં પાવરફુલ બને અને ત્રણ સભ્યો આપે, પરંતુ ભાજપે માત્ર ૯૯ બેઠકો આપતાં હવે કોંગ્રેસને રાજ્યસભામાં બે સભ્યો મળશે.

**અરૂણ જેટલી, પુરુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા અને શંકર વેગડ નિવૃત્ત થાય છે**

ભાજપે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં વિજય તો મેળવ્યો, પરંતુ પક્ષ કદાચ રાજ્યમાંથી હવે ત્યાંથી રાજ્યસભાની બધી બેઠક જાળવી ન શકે. આગામી વર્ષે માર્ચમાં રાજ્યસભાના ૫૦થી વધુ સભ્યો ૧૪ રાજ્યોમાંથી ચૂંટવાના છે.

ગુજરાતમાંથી રાજ્યસભાના ચાર સભ્યો બીજી એપ્રિલ ૨૦૧૮ના રોજ નિવૃત્ત થાય છે. ભાજપે ગુજરાતમાં ૯૯ વિધાનસભા બેઠક મેળવી છે. એક રાજ્યસભા બેઠક માટે ૩૬ વિધાનસભ્યના મત જોઈતા હોય છે અને ભાજપ હવે બે વોટ જ મેળવી શકશે અને બાકીના બે કોંગ્રેસને જશે. આ વર્ષે એપ્રિલમાં ભાજપના નિવૃત્ત થનારા ચાર સાંસદમાં કેન્દ્રીય નાણાપ્રધાન અરૂણ જેટલી, પરષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા અને શંકરભાઈ વેગડનો સમાવેશ થાય છે. હાલમાં ભાજપના રાજ્યસભાના ૧૧ સભ્યોમાંથી નવ છે. આગામી વર્ષે યોજાનારી ચૂંટણીમાં ભાજપના રાજ્યસભાના સભ્યોની સંખ્યા ઘટીને બેની થઈ જશે. ભાજપ જો કે ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીઓના સથવારે રાજ્ય સભામાં તેનું ગણિત સુધારી શકે છે. ઉત્તરપ્રદેશમાં તેને સાત બેઠકનો ફાયદો થશે અને આગામી વર્ષે એનડીએની રાજ્યસભામાં સંખ્યા ૮૪માંથી ૧૦૦ થશે.

### નાગર સમાજ બેસણું



અમારા પુત્ર **ચિ. તિર્થ ધર્મેન્દ્રભાઈ ભટ્ટ** નું તા.૧૭-૧૨-૧૭ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૧-૧૨-૧૭ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ૧૭૯/૧, સ્વામિનારાયણ સંકુલ પાસે, સેક્ટર-૬-બી, ગાંધીનગર, મો. ૯૮૨૫૩ ૯૪૮૭૭**

ધર્મેન્દ્રભાઈ રમણલાલ ભટ્ટ (પિતા) જાગૃતિબેન ધર્મેન્દ્રભાઈ ભટ્ટ (માતા)

મોસાળપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
જયદેવપ્રસાદ ટોકરલાલ દવે (નાના) ભારતીબેન જયદેવપ્રસાદ દવે (નાની)
તથા સમસ્ત દવે પરિવાર


**ધાનેરા મર્કેન્ટાઈલ કો.ઓપ.બેંક.લી.,**
માર્કેટ યાર્ડ, ધાનેરા ફોનઃ ૦૨૭૪૮ ૨૨૧૬૬૭, ૨૨૩૪૬૭

વ્યાજ દરો

| તા. ૦૧-૧૨-૨૦૧૬ થી અમલમાં | |
|---|---|
| ૩૦ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૫.૫૦% |
| ૯૧ દિવસ થી ૧૮૦ દિવસ સુધી | ૬.૫૦% |
| ૧૮૧ દિવસ થી ૩૬૫ દિવસ સુધી | ૭.૦૦% |
| ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી | ૭.૧૦% |
| ૨ વર્ષ થી ૩ વર્ષ સુધી સુધી | ૭.૨૫% |
| ૩ વર્ષ ઉપર થી ૧૦ વર્ષ સુધી | ૭.૫૦% |

બેંકની પ્રગતિના આંકડા રૂા. (લાખમાં)

| વિગત | ૨૦૧૭ | ૨૦૧૬ | વધારો ટકામાં |
|---|---|---|---|
| ભરપાઇ થયેલ શેરભંડોળ | ૧૫૬.૯૨ | ૧૨૭.૧૮ | ૨૩.૩૮% |
| રીઝર્વ તથા અન્ય ફંડો | ૬૬૮.૬૫ | ૫૨૧.૪૪ | ૨૮.૨૩% |
| થાપણો | ૬૮૯૨.૫૩ | ૪૪૯૦.૯૩ | ૫૩.૪૮% |
| ધિરાણો | ૩૭૬૪,૯૮ | ૨૯૦૭.૦૯ | ૨૯.૫૧% |
| નફો | ૧૦૦.૦૦ | ૮૫.૦૦ | ૧૭.૬૫% |
| વહેચવાપાત્ર ડીવીડંડ | ૧૧%(સુચિત) | ૧૧% | |
| ગ્રોસ એન.પી.એ. | (૦%) | (૦%) | (૦%) |
| નેટ એન.પી.એ. | (૦%) | (૦%) | (૦%) |

• સીનીયર સીટીજનને ૦.૫% વધુ વ્યાજ આપવામાં આવે છે. • ધન લક્ષ્મી કેશ સર્ટીફીકેટમાં ૧૧૨ માસે બમણા. • RTGS, NEFT તથા ની SMS સગવડ. • ખાતેદારોને ATM કાર્ડની સુવિધા ઉપલબ્ધ. • જનરલ ઈન્શાયોરન્સની સુવિધા. (ઈફકો ટોકિયો કંપની) • સરકારશ્રીની રાંધણ ગેસની સબસીડી ડાયરેક્ટ બેનીફીટની સુવિધા.

એમ. કે. પટેલ ચેરમેનશ્રી | એસ. ડી. શાહ વા. ચેરમેનશ્રી | એન. એચ. પટેલ એમ.ડી. | એ. આર. પટેલ ઇ.મેનેજર | તથા બોર્ડ ઓફ ડીરેકટર્સ



નુતન વર્ષાભિનંદન

**ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા**

જિલ્લો-બનાસકાંઠા ફોન નં.૨૨૨૦૩૮/૨૨૨૪૩૩

સ્થાપના : ૦૧/૦૯/૧૯૬૦ ઇમેલ-apmcdhanera@gmail.com Web- www.apmcdhanera.com

ખુલ્લી હરાજી......સાચો તોલ......રોકડા નાણાં

ખેડુત ભાઇઓ પોતાની ખેત ઉત્પન્નનો માલ બજાર સમિતિ, ધાનેરામાં વેચવાનો આગ્રહ રાખો.

★ મુખ્યયાર્ડ ધાનેરા-સબયાર્ડ ધાનેરા-પશુસબયાર્ડ સામરવાડા★સ્નેહ અને સહકારથી ભરેલો પરિવાર જ સૃષ્ટિનું સ્વર્ગ છે તેમ સમાજ સેવા અને માનવસેવા સર્વ ધર્મોનો અર્ક છે.★ જીવનની દરેક પળ પ્રગતિની નવી તક લઇને આવે તેવી શુભેચ્છા સહ નવા વર્ષના સર્વેને ખુબ ખુબ અભિનંદન.

મોહનભાઇ યુ. શ્રાવગ સેક્રેટરી | પહાડસિંહ જે. સોલંકી વાઇસ ચેરમેન | ભગવાનભાઇ એચ. પટેલ ચેરમેન

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

શ્રી પટેલ નરેશભાઇ નથાભાઇ, શ્રી ચૌધરી જોઇતાભાઇ હીરાભાઇ, શ્રી પટેલ દજાભાઇ પ્રેમાભાઇ, શ્રી આકોલીયા મોહનભાઇ ઉકાભાઇ, શ્રી આંજણા ઇશ્વરભાઇ ગણેશભાઇ, શ્રી આંજણા ભુરાભાઇ નાથાભાઇ, શ્રી પુરોહિત પીરાજી લુંબાજી, શ્રી ઠક્કર મુકેશભાઇ પ્રાગજીભાઇ, શ્રી પટેલ રાવતાભાઇ રૂડાભાઇ, શ્રી મોર દેવાભાઇ ચેલાભાઇ, શ્રી રબારી મગનાભાઇ વીરમાભાઇ, શ્રી પટેલ જગદીશભાઇ કેવદાભાઇ, શ્રી તુંવર રમેશભાઇ ભેરાજી, શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સ.મં. પાલનપુર, શ્રી જિલ્લા ખેતી.અધિ.જિ.પં. પાલનપુર

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જી.બનાસકાંઠા



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com